આજે સંત સરોવર છલકાશે

સુજલામ સુફલામ એસ્કેપમાંથી છોડાયેલા પાણીની આવક થકી સંત સરોવર ભરાશે

ગાંધીનગર, તા. ૨૮

આજે વહેલી સવારે ગાંધીનગર શહેરના ઈન્ફ્રોડા નજીક બનાવાયેલ સંત સરોવરમાં પાણી આવી પહોંચશે અને એકાદ દિવસમાં તે સંપૂર્ણ ભરાઈ જશે.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આજે આ અંગેની વિધિવત્ જાહેરાત કરી હતી. છેલ્લા ચાર વર્ષમાં પહેલીવાર ઓગષ્ટના અંતિમ દિવસોમાં ખાલી રહેલ સંત સરોવરમાં સુજલામ સુફલામ થકી પાણી ભરવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે ઉત્તર ગુજરાતમાં ૧૮૩૬ ક્યુસેક પાણી સુજલામ સુફલામ યોજનાની જુદી જુદી પાઈપલાઈનો મારફત નર્મદાનું પાણી ઉદવહન કરવામાં આવી રહ્યું છે. જેના દ્વારા ૪૭૬ તળાવ ભરી દેવામાં આવ્યા છે. તેમજ ધરોઈ, હાથમતી, ગુહાઈ, દાંતીવાડા, મેશ્વો ડેમમાં પણ પાણી આપવામાં આવી રહ્યું છે.

નીતિનભાઈએ જણાવ્યુ હતુ કે મધ્ય ગુજરાત વિસ્તારની મહી કેનાલમાં ૪૦૩૫ ક્યુસેક પાણી આપવામાં આવ્યુ છે. જ્યારે લાકરોડા વીયર વિજાપુર-માણસા વચ્ચે સંત સરોવર ગાંધીનગર ખાતે ૨૫૦ ક્યુસેક પાણી સુજલામ સુફલામના એસ્કેપમાંથી છોડવામાં આવી રહ્યું છે. આથી સંત સરોવર પણ આવતીકાલ સુધીમાં ભરાઈ જશે.

ગાંધીનગરમાં સાબરમતી નદી પર નિર્માણ કરાયેલ સંત સરોવરની ક્ષમતા ૧૦.૦૬

● અનુસંધાન પાન-૭ પર

જીવનશૈલી સંબંધિત બિમારીઓથી બચવા 'ફીટ ઈન્ડિયા'માં જોડાઈએ

''ફીટ રહેગા ઈન્ડિયા... તભી તો આગે બઢેગા ઈન્ડિયા...''

ગાંધીનગર, તા. ૨૮

વર્લ્ડ હેપ્પીનેસ ઈન્ડેક્સમાં ફીનલેન્ડ આ વખતે મોખરે રહ્યું... તેના ઘણા બધા કારણો પૈકી એક કારણ એ પણ છે કે અહીંના લોકો ફીટનેસ પ્રત્યે ખૂબ જાગૃત છે. ખાનગી કંપનીઓની સાથે સાથે સરકાર

ટાઈમ પ્લીઝ

પણ તેના કર્મચારીઓને સ્વસ્થ્ય રાખવા ખાસ સમય આપે છે. ઠેર ઠેર ફીટનેસ એક્ઝસાઈઝ થાય છે... જેમાં કર્મચારીઓ જોશભેર જોડાય છે.

આપણે ત્યાં એનાથી બિલકુલ વિપરીત સ્થિતિ છે. દુનિયાના 'મોસ્ટ અનફીટ' દેશોમાં આપણી ગણતરી થાય છે. વિશ્વ આરોગ્ય સંગઠને આપેલા અહેવાલ અનુસાર ખાણીપીણી અને રહેણીકરણીની ખરાબ આદતોના કારણે દેશમાં લાઈફસ્ટાઈલ ડીસીઝનુ પ્રમાણ અનેકગણુ વધુ છે. દેશના ૪૩ કરોડ લોકો હાઈપર ટેન્શનથી પીડાય છે જ્યારે ૧૮ કરોડથી વધુ લોકો ડાયાબિટીશથી હેરાન પરેશાન છે. લગભગ સાડા છ કરોડથી વધુ ઓબેસીટી એટલે કે મોટાપાનો શિકાર છે. ડાયાબિટીશના સૌથી વધુ દર્દીઓમાં આપણો દેશ મોખરે છે. મોખરે રહેવાનુ સૌને ગમે... પણ આમાં નહીં...

સ્વાસ્થ્ય પ્રત્યેની બેદરકારીના કારણે દેશના દર ત્રણમાંથી એક વ્યક્તિ જ્યારે જીવનશૈલી સંબંધિત બિમારીઓથી પીડાતી હોય ત્યારે ''ફીટ ઈન્ડિયા મુવમેન્ટ...'' મહત્વની નહી પરંતુ અનિવાર્ય બની ગઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આજથી એટલે કે ખેલ દિવસથી ફીટ ઈન્ડિયા મુવમેન્ટનો પ્રારંભ કરાવ્યો છે.

રમતગમત અને અન્ય ફીઝીકલ એક્ટીવીઝને આપણે ત્યાં મોટા ભાગે એક્સરૂટ એક્ટીવીટીઝ તરીકે જોવામાં આવી છે. રમતગમતને આપણે ક્યારેય જીવનશૈલીનો ભાગ બનાવી શક્યા નથી. રમતગમતને શરીરને કષ્ટ આપવાની ક્રિયા તરીકે લેવાની આપણને ટેવ પડી ગઈ છે. મોર્નિંગ વોક કે જોગીંગ કર્યા બાદ લારીઓ પર કેલરીથી ભરપૂર નાસ્તો આરોગતા પણ ગુજરાતીઓ જરાય અચકાતા નથી. વળી અન્ય ભારતીયોની સરખામણીએ ગુજરાતમાં ગળ્યું જરાક વધુ જ ખવાય છે.

''ગળ્યુ એ ગળ્યુ, બીજુ બધુ બળ્યુ'' ગળપણની મહત્તા દર્શાવતી આ ગુજરાતી કહેવતને અનુસરી ડાયાબીટીશને આપણે નોતરી બેસીએ છીએ... ડાયાબીટીશ હોય એટલે બીપી અને ઓબેસીટીની સમસ્યા તો લટકામાં હોય જ ને...

રમતગમત, જોગીંગ-રનીંગ અને યોગ-પ્રાણાયામને જીવનશૈલીમાં અપનાવી હેલ્ધી લાઈફ પ્રત્યે જાગૃતતા લાવવા માટે ફીટ ઈન્ડિયા મુવમેન્ટનું મહત્વ વધી ગયુ છે... ''ફીટ રહેગા ઈન્ડિયા... તભી તો આગે બઢેગા ઈન્ડિયા...''

સરકારી આવાસોને બિનઅધિકૃત કબજામાંથી મુકત કરવા સ્કવોર્ડ રચાશે

સેક્ટરોમાં જુદી જુદી કેટેગરીના બિનઅધિકૃત આવાસોમાં બિન અધિકૃત કબજા મામલે કોર્ટ કેસ દાખલ કરાશે

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં બિનઅધિકૃત કબજો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. જયારે હાલની સ્થિતિએ પણ અંદાજિત ૫૦૦ જેટલા સરકારી આવાસો બિન અધિકૃત કબજા હેઠળ હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. આ સ્થિતિને ધ્યાને લઈ માર્ગ મકાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં સ્કોર્ડ બનાવી આવાસોને બિનઅધિકૃત કબજામાંથી મુકત કરવા માટે કોર્ટ કેસ કરવા સુધીના પગલા લેવાશે.

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના મકાનો રહેણાંકને યોગ્ય નથી. સરકારી આવાસો ભયજનક સ્થિતિમાં છે. જેના લીધે તબક્કાવાર મકાનો તોડવાનુ કામ પણ હાથ ધરવામાં આવી રહ્યુ છે. સરકારી આવાસો તોડવાની સાથે શહેરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના નવા આવાસોનુ પણ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. સરકારી આવાસો પૈકી રહેણાંકને લાયક મકાનોની સંખ્યા ઘટી રહી છે. નિકાલ હેઠળના અલબત્ત ભયજનક મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ જગ્યા ખુલ્લી થતા નવા મકાનો પણ બાંધવામાં આવી રહ્યા છે. પરંતુ હાલ રહેણાંકને લાયક મકાનોના અભાવે કર્મચારીઓને આવાસ ફાળવી શકાતા નથી. બીજીતરફ નગરના સરકારી આવાસોમાં બિનઅધિકૃત કબજા મામલે પણ વિશેષ ફરિયાદો ઉઠવા પામી છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના ૫૦૦ જેટલા સરકારી મકાનોમાં બિનઅધિકૃત કબજો હોવાનુ મનાઈ રહ્યુ છે. નિવૃતિ , બદલી અને અવસાનના કિસ્સામાં મકાનો ખાલી ન કરાયા હોવાથી હજુ પણ

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લા પંચાયતની આજે ખાસ સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૨૮

આજે ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા સરદાર પટેલ હોલમાં બપોરે ૩ વાગે મળશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલ (ચૌધરી)ના અધ્યક્ષપદે આ ખાસ સામાન્ય સભા મળશે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજવા અંગે આ બેઠકમાં ચર્ચાઓ થશે. આ બેઠકમાં રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓના એકીકરણને લઈ હાથ ધરાયેલ કવાયતને લઈ પણ વિરોધ નોંધાવતો પ્રસ્તાવ પસાર કરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે આ બેઠક ખાસ સામાન્ય સભા હોવાથી માત્ર એજન્ડા પરના જ કામો હાથ પર લેવામાં આવશે. આ બેઠકને કોંગ્રેસ પક્ષ મહત્વની બેઠક લેખાવી રહેલ છે. ભારતીય જનતા પક્ષે આ બેઠક અંગે હજુ પોતાની રણનીતિને આખરી ઓપ આપ્યો નથી પરંતુ સવારે બેઠક શરૂ થતાં પહેલા મળનારી બેઠકમાં ચર્ચા કરી આખરી રણનીતિ તૈયાર કરી દેવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. કોંગ્રેસ પક્ષ શાળાઓના એકીકરણની નીતિનો વિરોધ કરશે અને બાળકોના શિક્ષણના અધિકાર પર તરાપ મારવાનો પ્રયાસ કરી રહી છે તેથી વિરોધ આગામી દિવસોમાં તીવ્ર બનાવશે તેમ પક્ષના સૂત્રોએ જણાવ્યુ છે.

સેકટરો ડેન્ગયુ-મેલેરીયાના મચ્છરોની ગિરફતમાં : રોગચાળો બેકાબુ બને તેવી દહેશત

સેકટરો, જાહેર સ્થળો સહીત શાળાઓમાં મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા દવા છંટકાવ - ફોગીંગ સહીતની કામગીરીના નામે મીંડુ : શાળાઓમાં વિદ્યાર્થીઓના આરોગ્ય સામે પણ ખતરો

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરના સેકટરોમાં મચ્છર ઉત્તપત્તિ સ્થાનો ડામવા માટે હજુ સુધી અસરકારક રીતે દવા છંટકાવ તેમજ ફોગીંગની કામગીરી થઈ નથી. શહેરના રહેણાંક વિસ્તાર સહીત જાહેર સ્થળો તેમજ શાળાઓમાં પણ મચ્છર ઉત્તપત્તિ સ્થાનો ડામવા કોઈ પગલા લેવાતા નથી જેના લીધે સેકટરવાસીઓની સાથે વિદ્યાર્થીઓની માથે પણ રોગચાળાનો ખતરો જળુંબી રહ્યો છે.

ગાંધીનગરમાં સતત વરસાદ અને વાદળિયા વાતાવરણના લીધે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. સેકટરો સહીત વિવિધ જાહેર સ્થળોએ મચ્છર ઉત્તપત્તિ સ્થાનો રોગચાળા માટે કારણભુત બન્યા છે. સેકટરોમાં પણ ઠેર ઠેર મચ્છરોનો ઉપદ્રવ વધતા મેલેરિયા અને ડેન્ગયુ સહીતના રોગચાળાએ જોર પકડયુ છે. નવા સેકટરોમાં તેમજ કન્સ્ટ્રકશન સાઈટ પર મચ્છરોના પોરા જોવા મળી રહ્યા છે. રહેણાંક વિસ્તારમાં પણ મચ્છર ઉત્તપત્તિ સ્થાનોના લીધે વસાહતીઓ ડેન્ગ્યુ , મેલેરિયા સહીતના વાયરલ રોગચાળાની ઝપટે ચઢયા છે. વરસાદની ગેરહાજરી વચ્ચે વાદળિયુ વાતાવરણ મચ્છરો માટે ફેવરેબલ મનાતા મચ્છરોનો ઉપદ્રવ દિનપ્રતિદિન વધી રહ્યો છે. આમછતા હજુ સેકટરોમાં જરૂરી જગ્યાએ દવા છંટકાવ અને ફોગીંગ સહીતની કામગીરી થતી નથી. જેના લીધે આગામી દિવસોમાં રોગચાળો શહેરને અજગર ભરડે લે તેવી દહેશત છે. નગરની શાળાઓમાં પણ આ સ્થિતિ છે. મચ્છરોનો ઉપદ્રવ વધ્યો

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાની શાળાઓમાં ૫૧ આચાર્યોની નિમણુંક

૨૯ની હજુ ઘટ : ભરતી પ્રક્રીયાના અંતે પણ માધ્યમિક શાળાઓમાં આચાર્યની ઘટનો પ્રશ્ન યથાવત આગામી દિવસોમાં શિક્ષકો તેમજ આચાર્યોની ઘટનો પ્રશ્ન સંપુર્ણ હલ થશે

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર જિલ્લામાં ૮૦ જેટલા આચાર્યોને નિમણુંક આપવા હાથ ધરાયેલી પ્રક્રીયાના અંતે ૫૫ ઉમેદવારોને નિમણુંક પત્ર આપવામાં આવ્યા હતા. જયારે આ પૈકી ૫૧ આચાર્યો હાજર થઈ ગયા છે. જયારે અન્ય ચાર કિસ્સામાં નિમણુંક પત્રના અંતે પણ ઉમેદવારો હાજર ન રહેતા જિલ્લાની શાળાઓમાં હજુ ૨૯ આચાર્યોની ઘટનો પ્રશ્ન યથાવત છે. ગાંધીનગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં લાંબા સમયથી આચાર્યોની ભરતી પ્રક્રીયા અટવાઈ હતી. આ મામલે ઈન્ટરવ્યુ સહીતની પ્રક્રીયાના અંતે પણ આચાર્યોને નિમણુંક આપવામાં પણ વિલંબ થતો હતો. જિલ્લામાં ૮૦ જેટલા આચાર્યોને નિમણુંક આપવા અગાઉ પણ કાર્યવાહી હાથ ધરાઈ હતી.૫ પરંતુ છેલ્લા કેટલાક સમયથી આખો મામલો ટલ્લે ચઢતા આચાર્યોની નિમણુંક થઈ ન હતી. પરંતુ આ નિમણુંક મામલે થોડા સમય અગાઉ જિલ્લામાં ૮૦ પૈકી ૫૧ માધ્યમિક શાળાઓમાં આચાર્યોને નિમણુંક આપી દેવામાં આવી છે. જયારે શિક્ષણ વિભાગ દ્વારા આ અન્વયે જિલ્લામાં ૫૫ આચાર્યોને ઓર્ડર આપી દેવાયા હતા. પરંતુ નિમણુંક પત્રના અંતે પણ ૫૧ આચાર્યો જ હાજર થયા હતા. જયારે અન્ય ચાર કિસ્સામાં ઉમેદવારો હાજર થયા ન હતા. જિલ્લામાં ૮૦ જેટલા આચાર્યોની ઘટ નિવારવા માટે હાથ ધરાયેલી પ્રક્રીયાના અંતે પણ શાળાઓમાં આચાર્યોની ઘટનો પ્રશ્ન હજુ યથાવત છે. અલબત્ત હજુ ૨૯ આચાર્યોની નિમણુક થઈ નથી. બીજીતરફ હાલ રોસ્ટર પધ્ધતિ મુજબ વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઈ શિક્ષકોની ભરતી કરવા માટે તેમજ તે મુજબ આનુસંગિક આયોજન કરવા માટે પણ શિક્ષણ તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં શાળાઓમાં આચાર્ય તેમજ શિક્ષકોની ઘટનો પ્રશ્ન હલ થઈ જશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

સ્માર્ટ સીટીથી લઈ સુગમ્ય ભારત સુધીની ૧૦૦થી વધુ યોજનાઓ અંગે અમીતભાઈ આજે સમીક્ષા કરશે

દિશાની પ્રથમ બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીતભાઈની હાજરીને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ

ગાંધીનગર, તા. ૨૮

કેન્દ્રના ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમીતભાઈ શાહ આજે પહેલીવાર સ્માર્ટસીટીથી લઈ સુગમ્ય ભારત સુધીની વિવિધ કેન્દ્ર પુરસ્કૃત ૩૦થી પણ વધુ વિભાગોની યોજનાઓની સમીક્ષા કરશે.

ડીસ્ટ્રીક્ટ મોનીટરીંગ સેલ 'દિશા'ની નવી લોકસભાની રચના પછી આ પ્રથમ બેઠક મળી રહી છે. તંત્ર દ્વારા આ બેઠકને લઈ તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી તરીકે અને ગાંધીનગરના સાંસદ તરીકે અમીતભાઈ શાહ આ પ્રથમ બેઠકમાં હાજરી આપનાર છે. ગાંધીનગર શહેરને સ્માર્ટસીટી બનાવવાના પ્રોજેક્ટથી શરૂ કરી ૩૦ જેટલા વિભાગોમાં અમલી જુદી જુદી કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની સમીક્ષા તેઓ આ બેઠકમાં કરનાર છે.

સ્માર્ટસીટી યોજના અંતર્ગત ગાંધીનગરમાં રૂ. ૧૧૦૦ કરોડના પ્રોજેક્ટ રજુ



કરાયા છે. હાલ બે જ પ્રોજેક્ટ પૂર્ણ થયા છે તો કેટલાક પ્રોજેક્ટ અમીલીકરણ હેઠળ છે અને કેટલાક ટેન્ડરીંગ સ્ટેજ પર છે. આ સાથે તેઓ નેશનલ અર્બન હેલ્થ મિશન અંતર્ગત શહેરની આરોગ્ય સેવાઓ અંગે થયેલ કામગીરીની પણ સમીક્ષા કરશે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સંચાલિત વિવિધ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છતા મિશન અંતર્ગત શૌચાલયો બનાવવાની કામગીરી, મનરેગા સહિતની વિવિધ યોજનાઓ ઉપરાંત રેલવે સ્ટેશન રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ, ગાંધીનગરમાં કુપોષણ મુક્તિ અભિયાન અંતર્ગત થયેલ કામગીરી, જિલ્લાની આરોગ્ય સેવાઓના સઘનીકરણની સાથે સાથે આયુષ્યમાન ભારત યોજનાના અમલીકરણ અંગે, ડીસ્ટ્રીક્ટ હેલ્થ મિશન અંતર્ગતની વિવિધ યોજનાઓની પણ તેઓ સમીક્ષા કરશે.

આ બેઠકમાં અમીતભાઈ ઉપરાંત અમદાવાદ પૂર્વના સાંસદ એચ.એલ.પટેલ, મહેસાણાના સાંસદ શારદાબેન પટેલ, જિલ્લાના પાંચ ધારાસભ્યો, મેયર ગાંધીનગર મનપા, પંચાયત પ્રમુખ મંગુબેન પટેલ, જિલ્લાના પાંચથી વધુ ગામના સરપંચોને પણ આ બેઠકમાં હાજરી આપવા નિમંત્રણ કરાયા છે.

ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે આ બેઠક બપોરે ૨.૩૦ કલાકે શરૂ થશે. બેઠક માટે તંત્ર દ્વારા તેની તૈયારીઓ લગભગ સંપન્ન કરી દેવામાં આવી છે.

કિસાન માન-ધન યોજના માટે ૩૦-૩૧ના રોજ જિલ્લામાં ખાસ કેમ્પ્સ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન માન ધન યોજનાના અમલીકરણ માટેની અરજીઓની નોંધણીમાં ૭૦૦થી વધુ કિસાનોએ આજ સુધીમાં નોંધણી કરાવી છે. હજુ આ રજીસ્ટ્રેશન માટેની ૩૧મી ઓગષ્ટ અંતિમ તારીખ છે.

જિલ્લો હાલ રાજ્યમાં ૧૪મા સ્થાને છે. જોકે તંત્ર દ્વારા આ માટે મિશન મોડ પર કામગીરી હાથ ધરવામાં આવી છે અને તે ૧ થી ૧૦માં પહોંચી જશે તેવો વિશ્વાસ પણ તંત્રના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

આ માટે જિલ્લામાં આગામી ૩૦ અને ૩૧ ઓગષ્ટના રોજ તાલુકા કક્ષાએ ખાસ કેમ્પોનું આયોજન કર્યુ છે. સવારે ૯ થી ૫ વાગ્યા સુધી ચાલનારા આ બે દિવસીય કેમ્પોમાં સારૂ એવુ રજીસ્ટ્રેશન થશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર તાલુકાનો કેમ્પ ચિલોડા સેવા સહકારી મંડળી ખાતે, દહેગામ તાલુકાનો કેમ્પ શાકભાજી માર્કેટ એ.પી.એમ.સી. દહેગામ, કલોલ તાલુકાનો બસ સ્ટેન્ડ નજીક અને માણસા તાલુકાનો માણસા એ.પી.એમ.સી. ખાતે કેમ્પ યોજવામાં આવેલ છે.

તંત્ર દ્વારા આ બે દિવસીય કેમ્પના આયોજન ઉપરાંત ગ્રામીણ વિસ્તારમાં પણ ખેડૂતો સાથે ગ્રૂપ બેઠકોનો દોર જે ગતિથી ચાલી રહ્યો છે તે જોતાં આ કેમ્પોમાં સૌથી વધુ રજીસ્ટ્રેશન થશે. ખેડૂતો તરફથી પેન્શન યોજનાનો સારો પ્રતિસાદ હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

જાહેર નોટીસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ ગાંધીનગરના ગાંધીનગર ટાઉનશીપના સેક્ટર : ૧૧ના પ્લોટ નં. ૨૪ના ક્ષેત્રફળ ૧૦૦૦ સમ ચોરસ મીટર જમીન પૈકી વરાડે પડતી જેમાં ૭.૭૮ સમ ચોરસ મીટર તથા તેના ઉપર આવેલ શાલીન કોમ્પલેક્ષ નામની બાંધકામ વાળી બિલ્ડીંગ પૈકી પાંચમાં માળે આવેલ બાંધકામ વાળી મિલકત ઓફિસ નં. :- ૫૦૭ કે જેનું ક્ષેત્રફળ ૨૨.૧૧ સમ ચોરસ મીટર તેમજ તે જ ફ્લોરની અન્ય દુકાન - ઓફિસ - યુનિટ તથા બાંધકામવાળી મિલકતના હોલ્ડરો માલિકો સાથે સહિયારે ઉપયોગ કરવાના હક્કો સહિત કોમન મિલકતોમાં વગર વહેંચાયેલા વરાડે ૭.૭૮ સમ ચોરસ મીટરની સહ માલિકી, હક્ક હિસ્સાની મિલકત જીતેન્દ્રકુમાર મનુભાઈ દરજીની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની આવેલ છે. અને સદર મિલકત તેઓએ વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને તે માટે અમારી સમક્ષ સદર મિલકતના ટાઈટલ ક્લીઅરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. આથી સંબંધીત ઈસમોનો કોઈનો કોઈપણ જાતનો લાગ ભાગ હક્ક હિસ્સો, કે હિત સંબંધ બોજો અલાખો પોસાતો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયે દિન : ૭માં નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સહિત રજી. એડીથી જાણ કરવી ત્યારબાદ, કોઈનો કોઈપણ જાતનો લાગ ભાગ હક્ક હિસ્સો આવેલ હોય તો તે મિલકત માલિકની તરફેણમાં વેઈવ કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીઅરન્સ સર્ટીફિકેટ ઈસ્યુ કરવામાં આવશે ત્યારબાદ, કોઈની તકરાર ધ્યાને લેવાશે નહિ જેની નોંધ લેવી.

ભૂપતસિંહ આર. ચાવડા, એડવોકેટ
બ્રિજેશ બી. ત્રિવેદી, એડવોકેટ
૮૦૪, આઠમો માળ, શાલીન કોમ્પલેક્ષ,
સેક્ટર : ૧૧, ગાંધીનગર.
મોબાઈલ : ૯૮૨૪૬૧૩૫૨૫

તારીખ : ૨૮/૮/૨૦૧૯
સ્થળ : ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com